રાજ્યમાં કોરોનાના નવા ૧૫૧૦ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૮ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં ૮૧,૦૨,૭૧૨ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧,૯૬,૯૯૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા

ગાંધીનગર, તા.૪

ભારતમાં એક બાજુથી સતત પાંચમાં દિવસે ૪૦૦૦૦થી ઓછા કેસ સામે આવ્યા છે તો સરકાર વેક્સીન લગાવવાનું પ્લાન પણ પ્લાનિંગ કરી રહી છે. મહામારીમાં મોત મામલે ભારતનો સમગ્ર વિશ્વમાં છઠ્ઠો નંબર છે. ભારતમાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૫૧૮૨ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે તો દિલ્હીમાં ૩૭૩૪ કેસ નોંધાયા છે. ગુજરાતમાં પણ કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૧૫૧૦ નવા કેસ નોંધાતા હવે રાજ્યમાં કોરોનાનો કુલ આંકડો પણ ૨૧૫૮૧૯ થયો છે.

૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૬૯,૩૨૪ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૮૧,૦૨,૭૧૨ થયો છે.

રાજ્યમાં ૧૫૧૦ નવા દર્દીઓ સામે ૧૬૨૭ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૯૬,૯૯૨ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૦૬૬.૫૨ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૩૮,૫૪૭ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૩૮,૩૯૨ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૫૫ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૪૭૭૮ એક્ટિવ કેસ છે. જેમાંથી ૯૨ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૪૬૮૬ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં કોરોના વાયરસના કારણે કુલ ૧૮ મોત નીપજ્યાં છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૧૩ મોત નીપજ્યાં છે. જ્યારે રાજકોટ કોર્પોરેશન અને વડોદરામાં ૧-૧ અને સુરત કોર્પોરેશનમાં ૨ તથા રાજકોટમાં ૧ મોત થયું છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૦૪૯ થયો છે.

રાજ્યના શિક્ષકોની ૪૨૦૦ના ગ્રેડ પે માટે આંદોલન કરવા ચીમકી

મોંઘવારી ભથ્થા માટે કર્મચારી મંડળનો મોદીને પત્ર : શિક્ષકોની રજૂઆતને લઈને ગાંધીનગરમાં નીતિન પટેલ-ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની અધિકારીઓ સાથે તત્કાલ બેઠક

ગાંધીનગર, તા.૪

રાજ્યના શિક્ષકોની ૪૨૦૦ ગ્રેડ પે મુદ્દે આજે ગાંધીનગરમાં મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠક નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વચ્ચે યોજાઈ હતી. શિક્ષકોએ આંદોલનની ચીમકી આપી હતી. આ બેઠકમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જોકે આ બેઠકમાં હજૂ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા વચ્ચે બેઠક યોજાઈ હતી જેમા શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ પણ શિક્ષણ સંઘો દ્વારા સરકારને ૪૨૦૦ ગ્રેડ પે મામલે રજુઆત કરાઈ હતી. ઉલ્લેખનિય છે કે, મોંઘવારી ભથ્થા મામલે કર્મચારી મંડળએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. આ પત્રમાં અટકાવી દેવાયેલા મોંઘવારી ભથ્થા રિલીઝ કરવા માગ કરાઈ હતી. જાન્યુઆરીથી જૂન સુધીના ભથ્થા રિલીઝ કરવા પત્રમાં રજૂઆત કરવામાં આવી છે. આ પત્ર ગુજરાત કર્મચારી સંકલન સમિતિ દ્વારા વડાપ્રધાન મોદીને મોકલવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, ગુજરાતમાં જાન્યુઆરીથી જૂન ૨૦૨૦ સુધીના મોંઘવારી ભથ્થું આપવા રજુઆત કરાઈ છે.

કોરોના ટેસ્ટ માટે ડૉક્ટરની ભલામણ જરૂરી નહીં

રાજ્ય સરકારનો મોટો નિર્ણય : ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ માટે ડોક્ટરની ભલામણ ચીઠ્ઠીની જરૂર નહીં પડે, વ્યક્તિ સ્વેચ્છાએ ટેસ્ટ કરાવી શકશે

ગાંધીનગર,તા.૪

રાજ્યમાં કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે ત્યારે કોરોના ટેસ્ટ મામલે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે હવે કોઈ પણ વ્યક્તિ ખાનગી લેબમાં ડૉક્ટરની ભલામણ વગર કોરોના ટેસ્ટ કરાવી શકશે. આ પહેલા ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ માટે ડૉક્ટરની ભલામણ ચિઠ્ઠી ફરજિયાત હતી. હવે કોઈ પણ વ્યક્તિ જેને એવું લાગે કે તેને કોરોનાનો ટેસ્ટ કરાવવો છે તે સરકાર તરફથી નક્કી કરવામાં આવેલી ખાનગી લેબમાં કોરોના ટેસ્ટ કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે કોવિડ-૧૯ના ટેસ્ટ માટે સરકારે કેટલીક ખાનગી લેબને મંજૂરી આપી છે. આ ઉપરાંત સરકારી હૉસ્પિટલો અને જે તે શહેરના તંત્ર દ્વારા વિવિધ જગ્યાએ ટેન્ટ ઊભા કરીને કોરોના ટેસ્ટ કરવાની કામગારી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં પહેલી ડિસેમ્બરના રોજ સરકારે કોરોના ટેસ્ટના ચાર્જમાં ઘટાડાની જાહેરાત કરી હતી. જે પ્રમાણે ગુજરાતમાં હવે કોરોનાના કેસ માટે કરવામાં આવતા આરટી-પીસીઆર ટેસ્ટની કિંમત ૮૦૦ રૂપિયા રહેશે. એટલે કે હવે કોઈ પણ વ્યક્તિ સરકાર તરફથી નક્કી કરવામાં આવેલી ખાનગી લેબોરેટરીમાં ૮૦૦ રૂપિયા ચાર્જ ચૂકવાની આરટી-પીસીઆર ટેસ્ટ કરાવી શકે છે. આ માટે વ્યક્તિએ લેબ પર જઈને ટેસ્ટ કરાવવો પડશે. બીજા કેસમાં જો વ્યક્તિ લેબકર્મીને ઘરે બોલાવે છે તો તેણે આ માટે ૧,૧૦૦ રૂપિયા ચાર્જ ચૂકવવો પડશે. આ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી નીતિન પટેલે જાહેરાત કરી હતી. આ પહેલા ગુજરાતમાં ખાનગી લેબ તરફથી આરટી-પીસીઆર ટેસ્ટ માટે ૧,૫૦૦ રૂપિયા ચાર્જ વસૂલ કરવામાં આવતો હતો. જો લેબકર્મી ઘરે આવીને સેમ્પલ લઈ જાય તો ૨,૦૦૦ રૂપિયા ચાર્જ વસૂલ કરવામાં આવતો હતો. સરકારની નવી જાહેરાતથી કોરોનાનો ટેસ્ટ કરાવવા માંગતા લોકોને રાહત મળશે. સાથે જ ઓછી કિંમત હોવાથી વધારે લોકો તેનો લાભ પણ લેશે. ખાનગી લેબ ઉપરાંત સરકાર તરફથી કોરોના અંગેનો ફ્રી ટેસ્ટ ચાલુ છે.

ઈલોલના પહાડીયા વિસ્તારમાં ખોદકામ દરમિયાન છ સર્પ ઘાયલ થયા

ગંભીર ઈજાને કારણે બે સર્પના મોત નિપજ્યાની આશંકા

હિંમતનગર, તા. ૪

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામના પહાડીયા વિસ્તારમાં ગુરૂવારે રાત્રે જેસીબીની મદદથી ખોદકામ ચાલતુ હતુ. ત્યારે અચાનક જમીનમાંથી સર્પોનું ટોળુ ફૂંફાડા મારતુ બહાર નિકળ્યુ હતુ. જો કે એકીસાથે છ સર્પ જોવા મળતા ઉપસ્થિત લોકોના હોંશકોશ ઉડી ગયા હતા. કારણ કે જેસીબીથી છ સર્પોને ઈજા થઈ હતી. જેમાંથી બે સર્પોના મોત નિપજ્યા હતા. જ્યારે બાકીના ચાર સર્પોને હિંમતનગરની કરૂણા એનિમલની ટીમ દ્વારા બચાવી લેવાયા હતા.

આ અંગે કરૂણા એનિમલ પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર પ્રતિકભાઈ સુથારના જણાવાયા મુજબ ઈલોલના પહાડીયા વિસ્તારમાં ગુરૂવારે રાત્રે જેસીબીની મદદથી ખોદકામ ચાલુ હતુ ત્યારે કેટલાક સર્પજીવો ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા. ત્યારબાદ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની ટીમે તરત જ જઈને જોતા બે સર્પ મૃત હાલતમાં જણાયા હતા જ્યારે બાકીના બે સર્પને ઈજા થતા તરત જ ડૉ. સ્વીટીબેન અને પાયલોટ અજીતભાઈ દ્વારા સારવાર આપવામાં આવી હતી. જો કે તે સિવાયના અન્ય બે સર્પને સામાન્ય ઈજા થઈ હતી. જેથી તેમને સારવાર અપાયા બાદ જંગલ વિભાગને સોંપવામાં આવ્યા હતા.

પાલનપુરના ચિત્રાસણી નજીકથી ઓવરલોડ રેતી ભરેલ ડમ્પર ઝડપાયું

કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફાટ

પાલનપુર

પાલનપુર તાલુકાના

ચિત્રાસણી ગામ નજીકથી રેતી ભરી ઓવરલોડ ડમ્પર ઝડપી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠામાં રાત્રી દરમીયાન ગેરકાયદેસ રેતી ભરી ડમ્પરોની હેરાફેરી કરવામાં આવતી ફરીયાદોના પગલે ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જોષી દ્વારા રાત્રી દરમ્યાન ચેકીંગની સુચના આપવામાં આવી હતી.

જેથી ભૂસ્તર શાખાના સ્ટાફના માણસો પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામ નજીકથી ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે રેતી ભરેલ ડમ્પરને રોકાવી ચકાસણી કરતા ડમ્પરમાં રોયલ્ટી પાસ કરતા ૧૫ ટન વધુ ભરેલુ હતુ. જેથી ડમ્પરને કલેક્ટર કચેરી ખાતે લાવી રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી રૂ. ૧.૭૫ લાખનો દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

લાખણી તાલુકામાં બનાસડેરી અને લોક ભાગીદારીથી જળસંચય અભિયાનનો આરંભ

ડીસા, તા. ૪

એશિયાની નંબર વન ગણાતી બનાસ ડેરીને વિશ્વ ફલક પર લઈ જનાર બનાસ ડેરીના યશસ્વી ચેરમેન શંકરભાઈ ચૌધરીનું સ્વપ્ન છે કે આવનારા સમયમાં બનાસકાંઠા જિલ્લામાં પાણીની અછત ન વર્તાય અને બનાસકાંઠા જિલ્લો પાણીદાર અને હરિયાળો બને. તેના માટે વૃક્ષોનું વાવેતર કરવું જેવા અનેક કામો બનાસકાંઠા જિલ્લાની સુખાકારી માટે કરી રહ્યા છે. ત્યારે શંકરભાઈ ચૌધરીના ૫૦મા જન્મ દિવસ નિમિત્તે બનાસ ડેરી અને લોક ભાગીદારી દ્વારા જળ સંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના કારણે વરસાદી પાણી જે વહી જાય છે તેનો સંગ્રહ કરીને પાણીના તળ ઊંચા લાવીને જગતના તાતને મદદરૂપ બની શકાય. એવા ઉમદા આશયથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે ત્યારે લાખણી તાલુકામાં બનાસડેરી અને લોક ભાગીદારીથી જળ સંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે બનાસડેરી અને લોક ભાગીદારીથી આડબંધ બાંધીને પાણીનો સંગ્રહ કરવામાં આવશે જે આવનારા ભવિષ્ય માટે ખૂબ ફાયદાકારક બની રહેશે.

બનાસડેરી લાખણી વિભાગના ડિરેક્ટર ધુડાભાઈ પટેલના હસ્તે આડબંધનું ખાતમહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધુડાભાઈ પટેલ (ડિરેક્ટર બનાસડેરી) જિલ્લા ભાજપ અગ્રણી ટી.પી. રાજપૂત, જિલ્લા પંચાયત સદસ્ય હેમરાજભાઈ પટેલ, લાખણી માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન તેજાભાઈ ભુરિયા, બનાસ બેંકના દેવજીભાઈ દેસાઈ, લાખણીના સરપંચ એન.ટી. પટેલ, બનાસ ડેરી લાખણી તાલુકાના સુપરવાઈઝર હમીરભાઈ પટેલ સહિતના અગ્રણીઓ તેમજ દૂધ મંડળીઓના દૂધ ઉત્પાદકો હાજર રહ્યા હતા. એક સાચા લોકસેવક તરીકે શંકરભાઈ ચૌધરી બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે જેને લઈને સાર્વત્રિક જનસમર્થન તેમને મળી રહ્યું છે.

બનાસકાંઠામાં વધુ ૬૨ પોઝિટિવ કેસ : કોરોનાથી એકનું મોત

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં રાજસ્થાનના દર્દીનું મોત નિપજ્યું : ૨૬ દર્દીઓ ઓક્સિજન ઉપર

પાલનપુર, તા. ૪

બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૬૨ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જ્યાં પાલનપુર કોવિડ હોસ્પિટલમાં રાજસ્થાનના કોરોના પોઝિટિવ દર્દીનું મોત નિપજ્યું હતુ.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા દિન- પ્રતિદિન વધી રહી છે. જ્યાં શુક્રવારે વધુ ૬૨ રિપોર્ટ પોઝિટિવ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, ગુરુવારે સાંજે એન્ટીજન રેપિડ કિટ ના ૧૫ દર્દીઓ પોઝિટિવ આવ્યા હતા બીજા દિવસે શુક્રવારે ડીસા અને પાલનપુર ની કોવિડ હોસ્પિટલમાં લેવાયેલા આરટીપીસીઆર ૧૪૫ સેમ્પલ પૈકી ૨૧ પોઝિટિવ આવ્યા હતા જ્યારે પ્રાઈવેટ લેબના ૨૮ સેમ્પલ પૈકી ૧૨ પોઝિટિવ આવ્યા હતા જ્યારે ૧૨૨૧ એન્ટીજન કિટના ૧૪ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આમ કુલ ૬૨ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. પાલનપુર સિવિલના અપડેટ અંગેની વાત કરતા પાલનપુર સિવિલ સર્જન ડો. ભરત મિસ્ત્રીએ જણાવ્યું હતુ કે, ગુરૂવારે રાજસ્થાનના એક દર્દીનું પાલનપુર કોવિડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. વર્તમાન સમયે કોવિડ હોસ્પિટલમાં ૫૩ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે. ૧૭નો રિપોર્ટ આવવાનો બાકી છે. ૨૬ દર્દીઓ ઓક્સિજન ઉપર છે.

આજે હિંમતનગર પાલિકા દ્વારા વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ કરાશે

હિંમતનગર, તા. ૪

હિંમતનગર પાલિકાના ચૂંટાયેલા સદસ્યોની મુદત આગામી દિવસોમાં પૂર્ણ થવા જઈ રહી છે ત્યારે વર્તમાન સદસ્યોએ સરકારની વિવિધ ગ્રાન્ટોમાંથી શહેરના વિકાસ માટે કરેલા કામોનું લોકાર્પણ કરવાનો નિર્ણય લેવાયો છે. તે અંતર્ગત ધારાસભ્ય, સંસદસભ્ય અને ઈડર સ્ટેટના મહારાજાની ઉપસ્થિતિમાં શનિવારે લોકાર્પણના કાર્યક્રમ યોજાશે.

આ અંગે પાલિકાના ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ શનિવારે યોજાનાર લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન સંસદસભ્યની ઉપસ્થિતિમાં શામળાજી હાઈવેથી એવન સોસાયટીને જોડતા ટીપીરોડને ખુલ્લો મુકાશે. તેજ પ્રમાણે ન્યાયમંદિર વિસ્તારમાં આવેલ તથા નવિનીકરણ કરાયેલ મહારાજા હિંમતસિંહ સર્કલનું મહારાજા રાજેન્દ્રસિંહજીની ઉપસ્થિતિમાં ખુલ્લુ મુકાશે.

તદ્ઉપરાંત મહેતાપુરા વિસ્તારમાં આવેલ સ્વામી વિવેકાનંદ સર્કલનું પણ જીયુડીસીના ડીરેક્ટર જે.ડી. પટેલ તથા પાલિકાના સદસ્યોની ઉપસ્થિતિમાં લોકાર્પણનો કાર્યક્રમ યોજાશે. સાથોસાથ આજ વિસ્તારમાં આવેલ મહારાણા પ્રતાપ પાર્કનું પણ હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહજી ચાવડાની હાજરીમાં લોકાર્પણનો કાર્યક્રમ યોજાશે. ઉલ્લેખનીય છે કે હિંમતનગર પાલિકાના ચુંટાયેલા સદસ્યોની મુદત ડિસેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં પૂર્ણ થનાર છે ત્યારે આ લોકાર્પણના કાર્યક્રમો ઝડપથી યોજાયા હોય તેમ શહેરના નાગરીકો માની રહ્યા છે. મુદત પૂર્ણ થયા બાદ પાલિકામાં વહિવટદાર આવી જશે. જોકે અપવાદરૂપે સરકાર દ્વારા મુદત લંબાવવાની થાય તો પરિસ્થિતિ અલગ હોઈ શકે તો નવાઈ નહી.

ધાનેરામાં મટકાનો જુગાર ફૂલો ફાલ્યો ઓનલાઈન મોબાઈલમાં લખાય છે મટકા

ધાનેરા શહેરમાં મટકાનો જુગાર ફાલ્યો ફુલ્યો જોવા મળી રહ્યો છે પોલીસની નજરથી બચીને અંગત રીતે કેટલાક ઇસમો વરલી મટકાનો જુગાર ઓનલાઈન મોબાઈલમાં લખેલા છે પહેલા તમામ લોકો ડાયરીમાં જુગાર રમતા હતા અને તે બાદ પોલીસે લાલ આંખ કરતા આ લોકો પણ હવે તો નવા કીમિયા અપનાવી મોબાઈલમાં લખી રહ્યા છે.

ત્યારે પોલીસ આ બાબતે તટસ્થ બને અને જે લોકો વરલી મટકાના જુગાર લાગે તેવા તમામ લોકોના મોબાઈલ જપ્ત કરવામાં આવે તો મોટો વરલી મટકાના જુગારનું કૌભાંડનો પર્દાફાશ થાય તેમ છે જો વાત કરવામાં આવે તો ધાનેરા મધુસુદન માર્કેટ ના આગળના ભાગમાં પાછળના ભાગમાં ડીસા રોડ થઈ અનેક જગ્યા પર કેટલાક ઇસમો દ્વારા વરલી મટકાનો જુગાર લખવામાં આવ્યો છે

સરકાર કહે છે ૭૩

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધપાત્ર રહી છે. શહેરમાં દિપાવલી પર્વ પછી કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર પણ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

શહેરમાં ૨૦૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. આજે સંક્રમિત થનારાઓમાં કૃષિ વિભાગના મહિલા અધિકારી, શિક્ષક, બિલ્ડર, નિવૃત્ત ડીવાયએસપીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૩, સે. ૨૪, સે. ૭ માં ૩-૩ કેસ તો સે. ૨, સે. ૩, સે. ૮ અને સે. ૧ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧૪, જીઈબી, સે. ૧૨, સે. ૩૦, સે. ૧૩, સે. ૬, આદિવાડા અને બોરીજમાંથી કેસો મળ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી તેમજ સે. ૨૪ માંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે અને તંત્રએ આ વિસ્તારોમાં સર્વેલન્સની સઘન કાર્યવાહી હાથ ધરવાની સૂચનાઓ આપી છે. જીઈબીમાંથી પણ કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધુ ઘેરી થતી જોવા મળી રહી છે.

શહેરમાં આજે ૩૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે ૬૮ દર્દીઓ રિકવર થયા છે.

જિલ્લામાં સંક્રમિતોના આંકડાઓમાં જે તફાવત સરકાર અને સ્થાનિક તંત્ર વચ્ચે જોવા મળી રહ્યો છે તેને લઈ લોકોમાં પણ તે ચર્ચાનો વિષય બનેલ છે અને તંત્ર કંઈક છુપાવવાનો પ્રયાસ કરી રહેલ છે તેવી વાતોએ લોકજીભે સ્થાન લીધુ છે.

શોપીંગ સેન્ટરમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે દિવાળી બાદ કોરોનાના કેસમાં ઢગલો વધારો થતા સરકાર અને સમાજના બુધ્ધિજીવીઓ ચિંતામાં મુકાયા છે. સિવિલ હોસ્પિટલ સહીત નગરની ખાનગી હોસ્પિટલમાં પણ કોવિડના દર્દીઓની સંખ્યા અને મૃત્યુઆંક વધ્યો છે. ત્યારે કોરોનાના વધતા સંક્રમણને અટકાવવા માટે શહેરમાં તંત્ર જાગૃત બન્યુ છે. છેલ્લા કેટલાક સમયથી નગરના શોપિંગ બજારમાં સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ માસ્કની વાત વિસરાઈ ગઈ હતી જેના લીધે કોરોના બેકાબુ બન્યો છે. જયારે કોરોનાના વધતા કેસ વચ્ચે હાલ લગ્નસરાની મોસમ પણ નિખરી છે. ત્યારે કોરોના કાળમાં પણ દિવાળી બાદ ખરીદીનુ પ્રમાણ વિશેષ થઈ રહ્યુ છે. આવા સંજોગોમાં નગરના સે-૨૧, સે-૭ અને સે-૨૪ સહીતના શોપિંગ બજારમાં નાગરિકો માસ્ક પહેરે તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગનુ યોગ્ય પાલન કરે તે માટે તંત્ર જાગૃત થયુ છે. તંત્ર દ્વારા નિયમોના ઉલ્લંઘન બદલ આકરો દંડ પણ વસુલવામાં આવી રહ્યો છે. શોપિંગ બજારોમાં ફરી સોસિયલ ડીસ્ટન્સીંગના અમલ માટે કુંડાળા કરી દેવાયા છે. જયારે જે કિસ્સામાં ગ્રાહકો માસ્ક ન પહેરે તેમજ ડિસ્ટન્સ ન જાળવતા હોય તે બદલ વેપારી પાસેથી પણ તંત્રએ દંડ વસુલવાનુ શરૂ કરી દીધુ છે. દિવાળીના સમયગાળા દરમિયાન બજારમાં ભારે ભીડ ભેગી થતી હતી જયારે આ દરમિયાન ભેગી થયેલી ભીડના લીધે જ કોરોના વકર્યો છે. આવા સંજોગોમાં હવે કોરાનાને નિયંત્રણમાં લેવા તંત્ર મોડે મોડે પણ જાગ્યુ છે. ત્યારે નગરના શોપિંગ બજારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ માસ્ક સહીતના નિયમોના પાલન માટે વેપારીઓ સામે પણ દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

પ્રોપર્ટીકાર્ડ અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. પાટનગર બન્યુ ત્યારથી આ બાબત પડતર હતી.

આ નવા પ્રોપર્ટીકાર્ડ બનતાં ગાંધીનગર મનપામાં મિલ્કતો વધશે એટલુ જ નહિ મિલ્કતવેરાની આવક પણ વધશે.

મનપાની ઘણી બધી સામાન્યસભામાં આ ગ્રામજનોના મુદ્દે કોંગ્રેસ સહિતના સભ્યોએ રજુઆત કરી હતી. જો કે તંત્ર દ્વારા આ પ્રશ્નના ઉકેલ માટેની કામગીરી અત્યંત મંથરગતિએ ચાલતી હતી.

શહેરમાં સમાવિષ્ટ જે સાત ગામોની આવી મિલ્કતો ઓળખી તેમના પ્રોપર્ટીકાર્ડ હાલ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યા છે તેમાં ઈન્દ્રોડાના ૪૦૪, આદિવાડાના ૨૮૮, બોરીજના ૨૨૪, બાસણના ૭૩, પાલજના ૩૯૨, ધોળાકુવાના ૪, ફતેપુરાની ૧૦૦ મિલ્કતોનો સમાવેશ થાય છે.

શહેરના ધોળાકુવા ગામના અને રાયસણ રાંદેસણના ગરીબોના આવાસો માટે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ વારંવાર જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં રજુઆતો કરી હતી જે નોંધનીય છે.

'ભારત બંધ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેડૂતોને આજે બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીનો પણ સાથ મળી ગયો છે. મમતા બેનર્જીએ ઘણા ખેડૂત નેતાઓ સાથે ફોન પર વાત કરી છે અને તેમને કહ્યું કે, કેન્દ્રીય કૃષિ કાયદા વિરુદ્ધ તમારા આંદોલનમાં તૃણમૂલ પુરી રીતે તમારી સાથે છે.

ખેડૂત આંદોલન માટેના કેનેડાના વડાપ્રધાન જસ્ટિસ ટ્રૂડોના નિવેદન અંગે વિદેશ મંત્રાલયે સખત નારાજગી વ્યક્ત કરી છે. મંત્રાલયે કહ્યું કે, ભારતીય ખેડૂતો અંગે કેનેડાના નેતાઓના નિવેદન અમારા આંતરિક મામલામાં દખલગીરી છે, જેને ચલાવી લેવાશે નહીં. આવું જ રહેશે તો બન્ને દેશોના સંબંધને પણ ગંભીર નુકસાન થઈ શકે છે. આ સાથે જ ભારતે કેનેડાના હાઈ કમિશનરને પણ બોલાવ્યા છે. ટ્રૂડોએ ગુરુનાનક જયંતીના દિવસે ભારતના પ્રદર્શનકારી ખેડૂતોનું સમર્થન કરી કહ્યું કે,સ્થિતિ ચિંતાજનક છે. તે હંમેશા શાંતિપૂર્ણ વિરોધના પક્ષમાં રહેશે. ખેડૂતો અને કેન્દ્ર વચ્ચે એક દિવસ પહેલા એટલે કે ગુરુવારે થયેલી વાતચીતમાં સ્પષ્ટ થઈ ગયું હતું કે, આંદોલન હવે અટકશે નહીં. ક્રાંતિકારી ખેડૂત યુનિયનના લીડર દર્શનપાલે આજે કહ્યું કે, કેન્દ્ર કાયદામાં અમુક સુધારા માટે રાજી છે, પણ અમે નહીં. અમે તેમને જણાવી દીધું કે, આખા કાયદામાં ખામી છે. અમે આવતીકાલે યોજાનારી મીટિંગ પહેલા આજે ચર્ચા કરીશું અને અમારી રણનીતિ તૈયાર કરીશું. સંગઠનો વચ્ચે બેઠક થઈ રહી છે.

થોડા સપ્તાહમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રત્યે સૌથી વધુ ધ્યાન આપીને નિર્ણય લેવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકારો રસીના વિતરણ પર ઝડપથી કામગીરી કરી રહી છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં માત્ર રસીકરણની કુશળતા જ નથી, પરંતુ ક્ષમતા પણ છે. વડાપ્રધાને કોવિડ રસીના ભાવ વિશે સ્પષ્ટ રીતે કંઈ કહ્યું નહીં, પરંતુ સબસિડી ઉપલબ્ધ થશે તેવો સંકેત આપ્યો. તેમણે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો રસીના ખર્ચ અંગે ચર્ચા કરી રહી છે. તેમણે કહ્યું કે, આ અંગેનો નિર્ણય જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે અને તેમાં રાજ્ય સરકારોની મહત્ત્વની ભૂમિકા રહેશે. પીએમ મોદીએ બેઠક પછી કહ્યું હતું કે ભારતે ફેબ્રુઆરી-માર્ચના ભયથી ભરેલા વાતાવરણથી આજે વિશ્વાસ અને અપેક્ષાના વાતાવરણ સુધીની ખૂબ જ લાંબી મુસાફરી કરી છે. હવે જ્યારે આપણે રસીની ખૂબ નજીક છીએ તે ત્યારે તે જ લોકભાગીદારી, તે જ સાઈન્ટિફિક એપ્રોચ, તે જ સહકાર ભવિષ્યમાં પણ ખૂબ જ જરૂરી છે. બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે ટોચના કેન્દ્રીય પ્રધાનો પણ હાજર હતા. બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસના સુદીપ બંધોપાધ્યાય, એનસીપીના શરદ પવાર, ટીઆરએસના એન.એન.રાવ, શિવસેનાના વિનાયક રાઉત બેઠકમાં સામેલ થયા હતા. રોગચાળો શરૂ થયા પછી ચેપની સ્થિતિ અંગે ચર્ચા કરવા સરકાર દ્વારા આ બીજી સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી.

ગીતાંજલિ રાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે, જે તેને આકાર આપે છે.' ટાઈમની પ્રથમ કિડ ઓફ ધ યર માટે ૫,૦૦૦થી વધુ દાવેદારોમાંથીથી ગીતાંજલિની પસંદગી કરાઈ છે. ટાઈમ સ્પેશયલ માટે હોલિવુડની અભિનેત્રી અને સામાજિક કાર્યકર્તા એન્જલીના જોલીએ તેનો ઈન્ટરવ્યુ લીધો. ગીતાંજલિએ કોલોરાડો સ્થિત પોતાના ઘરેથી જોલી સાથે ઓનલાઈન વાત કરી. તેણે કહ્યું કે, અવલોકન કરો, વિચારો, રિસર્ચ કરો, બનાવો અને તેને જણાવો. ટાઈમ મુજબ, કિશોરીએ કહ્યું કે, દરેક સમસ્યાનો ઉકેલ કરવાનો પ્રયાસ ન કરો, પરંતુ એ એક બાબત પર કેન્દ્રિત કરો, જે તેમને ઉશ્કેરતું હોય. જો હું આ કરી શકું છું, તો કોઈપણ તે કરી શકે છે. ગીતાંજલિ રાવે કહ્યું કે, તેમની પેઢી